કાર વૉશ

# MAનાં સુરક્ષાનાં ધોરણો

## ફરજિયાત સુરક્ષાનાં ધોરણો

### સામાજીક અંતર

વ્યક્તિઓ વચ્ચે ઓછામાં ઓછા 6 ફૂટનું અંતર રહે તેની ખાતરી રાખો

વ્યક્તિગત રીતે ફાળવવામાં આવેલા વર્ક એરિયાઝમાં કામદારોની ફાળવણી કરો; કામદારોની વચ્ચે શારીરિક અંતર વધારો; કામનાં સમયપત્રકો છૂટાછવાયાં રાખો

છૂટાછવાયાં ભોજન અને વિરામના સમય રાખો, એક જગ્યાએ ભેગા થઇ શકે એવી મહત્તમ વ્યક્તિઓનું નિયમન કરો અને ઓછામાં ઓછા 6 ફૂટનું શારીરિક અંતર રાખો

બધા કામદારો માટે ફેસ કવરિંગ જરૂરી છે, સિવાય કે રોગ કે વિકલાંગતાના કારણે તેમ કરવું અસુરક્ષિત ગણાતું હોય

જ્યાં શારીરિક અંતર પડકારજનક હોય ત્યાં ફિઝિકલ પાર્ટિશનની ભલામણ કરવામાં આવે છે (દા.ત. કેશિયર) અને તે ઊભેલા કામદાર કરતાં વધુ ઊંચાઇ પર હોવું જોઇએ

**ભલામણ કરાયેલ શ્રેષ્ઠ રીતભાતો**

જ્યાં શક્ય હોય ત્યાં બંધ જગ્યાઓ માટે વાતાનુકૂલનમાં સુધારો કરો (દા.ત., બારણાં અને બારીઓ ખોલો)

### આરોગ્ય પ્રોટોકોલ્સ

જ્યાં શક્ય હોય ત્યાં સાબુ અને નળના પાણી સહિત સાઇટ પર હાથ ધોવાની સુવિધાઓની સરળ પહોંચ મળે અને હાથ વારંવાર ધોઇ શકાય તે માટે પૂરતો સમય મળે તેની ખાતરી કરો; ઓછામાં ઓછા 60% આલ્કોહૉલ સાથે આલ્કોહૉલ આધારિત હેન્ડ સૅનિટાઇઝર્સનો વિકલ્પ તરીકે ઉપયોગ થઇ શકે

કાર્યસ્થળના સ્થાને કામદારોને પૂરતી ક્લીનિંગ પ્રૉડક્ટ્સ પૂરી પાડો (દા.ત. સૅનિટાઇઝર, ડિસઇન્ફેક્ટિંગ વાઇપ્સ)

ડેસ્ક, બારણાનાં હેન્ડલો અને રેસ્ટરૂમો જેવા વિસ્તારો કે જ્યાં સૌથી વધુ સ્પર્શ થતો હોય ત્યાં અવારનવાર સફાઇકામ અને સૅનિટેશન જરૂરી બનાવવું

કામદારોને આરોગ્ય અને સુરક્ષાના પ્રોટોકૉલ્સ અંગે યાદ કરાવવા માટે સમગ્ર સાઇટમાં દેખાય એવી રીતે પોસ્ટરો મૂકવાં

### સ્ટાફ અને કામગીરીઓ

કાર ધોવા માટે સુરક્ષાનાં ધોરણો અંગેની તાલીમ, સુરક્ષાની અપ-ટુ-ડેટ માહિતી અને તકેદારીઓ તથા રોગનું પ્રસારણ ઘટાડવાના ઉદ્દેશ્યથી લેવાયેલ સુરક્ષાનાં અન્ય પગલાંઓ અંગે કામદારોને માહિતી આપો

ધોવાની સેવાઓ વાહનની બાહ્ય સપાટી સુધી મર્યાદિત રાખો

ગ્રાહકોએ ઑટોમેટિક કાર વૉશિંગ સાથેની સુવિધાઓ પર પોતાની કારમાં હરોળમાં ઊભા રહેવું જોઇએ

કાર ધોવાની સમગ્ર પ્રક્રિયા દરમિયાન ગ્રાહકોએ તેમની કારમાં બેસી રહેવું જોઇએ

બધા કામદારોમાં સંપર્ક ઓછો કરવા અને ઍન્ટ્રી પૉઇન્ટ્સ પર ગીચતા ઓછી કરવા માટે કાર્યસ્થળનાં કલાકો અને શિફ્ટ્સમાં ફેરફારો કરો (વિવિધ સમયપત્રકો અથવા છૂટાછવાયા આગમન / પ્રસ્થાન સાથે કામ કરતી ટીમોનો મહત્તમ ઉપયોગ કરો)

કૉન્ટેક્ટ ટ્રેસિંગ શક્ય બનાવવા માટે કામદારો અને ગ્રાહકોની નોંધવહી જાળવો (નામ, તારીખ, સમય, સંપર્કની માહિતી)

કામદારોને બિમારી જેવું લાગતું હોય તો તેઓ ઘરે રહે તે જરૂરી છે

જો નિયોજકને કાર્યસ્થળ પર પૉઝિટિવ કેસ અંગે જાણ કરવામાં આવે તો નિયોજકે કાર્યસ્થળ જ્યાં આવેલું હોય તે જગ્યાના સ્થાનિક સ્વાસ્થ્ય બૉર્ડ (LBOH)ને જાણ કરવી જોઇએ અને કાર્યસ્થળ પર સંભવિત સંપર્કોને ટ્રેસ કરવા માટે તેઓની સાથે કામ કરવાનું રહેશે અને કામદારોને એકાંતવાસ અને સૅલ્ફ-ક્વોરન્ટીન કરવાની સલાહ આપશે. માર્ગદર્શન અનુસાર અને / અથવા LBOHની વિનંતી પર અન્ય કામદારોના પરીક્ષણની ભલામણ કરવામાં આવે છે

સરકારી નિર્દેશોમાં આપેલી રૂપરેખા પ્રમાણે સ્વાસ્થ્યની અગત્યની માહિતી અને સુરક્ષાનાં સંબંધિત પગલાંઓ અંગે કામદારો અને ગ્રાહકોને નોટિસ પોસ્ટ કરવી

**ભલામણ કરાયેલ શ્રેષ્ઠ રીતભાતો**

સેન્ટર્સ ફૉર ડિસીઝ કન્ટ્રોલના અનુસાર જેઓના પર વિશિષ્ટપણે COVID-19નું જોખમ (દા.ત. ઉંમર અથવા પહેલેથી હોય એવા રોગને કારણે) હોય એવા કામદારોને ઘરે રહેવા માટે આગ્રહ કરવામાં આવે છે

લક્ષણોની સ્વ-ઓળખ કરવા માટે અથવા જાણીતા કે શંકાસ્પદ COVID-19 કેસની કોઇ પણ નજીકના સંપર્ક અંગે પોતાના નિયોજકને જાણ કરવા માટે કામદારોને પ્રબળ આગ્રહ કરવામાં આવે છે

જેઓનો COVID-19 પૉઝિટિવ આવ્યો હોય એવા કામદારોને સફાઇ / રોગાણુનાશન અને કૉન્ટેક્ટ ટ્રેસિંગના હેતુઓ માટે ઑફિસના નિયોજકને માહિતી આપવા માટે આગ્રહ કરો

સંપર્કરહિત ચૂકવણીની પદ્ધતિઓનો આગ્રહ રાખવો

### સફાઇ અને રોગાણુનાશન

સાઇટની અવારનવાર સફાઇ અને રોગાણુનાશનની પ્રક્રિયા કરો (ઓછામાં ઓછો રોજ એક વખત અને અનુકૂળ હોય તો વધુ વખત)

જેમાં તારીખ, સમય અને સફાઇના વ્યાપનો સમાવેશ થતો હોય એવી સફાઇની નોંધવહીઓ રાખો

બહુ અવરજવર થતી હોય એવા વિસ્તારો અને બહુ સ્પર્શ થતો હોય એવી સપાટીઓમાં અવારનવાર રોગાણુનાશનની પ્રક્રિયા કરો (દા.ત. બારણાનાં નૉબ, બાથરૂમ)

કોઇ પૉઝિટિવ કેસ આવે તેવી સ્થિતિમાં હાલના CDC નિર્દેશો અનુસાર ઊંડી સફાઇ અને રોગાણુનાશન કરવા માટે સાઇટ બંધ કરો